ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



ભાવનાબેન દિનેશભાઈ ચૌહાણ
મો. ૯૪૨૭૦ ૧૦૫૫૫



જીનલ આર પારેખ
મો. ૯૩૧૪૧ ૨૩૧૪૬



અંજલી એમ શર્મા
મો. ૯૭૩૭૪ ૫૫૯૬૩



હિર એમ નાચી
મો. ૯૮૯૮૦ ૦૮૨૬૪

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# સર્વ નેતૃત્વના પૂર્વ તાલીમાર્થીઓ માટે સ્પેશિયલ સેશન





ગાંધીનગર, તા. ૨૨


કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વનાં પૂર્વ તાલીમાર્થીઓ માટે એક સ્પેશિયલ સેશનનું આયોજન એસ. કે. પટેલ બિલ્ડીંગ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩ ખાતે યોજાયું જેમાં ખૂબ મોટી સંખ્યામાં વિવિધ કોલજના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

સમગ્ર વ્યાખ્યાનમાં શહેરના જાણીતા ટ્રેનર દીપકભાઈ તેરૈયા, પંચગીની (મહારાષ્ટ્ર)થી Initiative Fro Change કાર્યક્રમના સંયોજક નીરૂબેન ગાંધી અને તેમના સાથે વિવિધ રાજ્યોના ૭ તાલીમાર્થીઓ અને સર્વ નેતૃત્વના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહી એકબીજાના વિચારો અને અનુભવોની આપલે કરી હતી. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય તાલીમ લીધા પછી તાલીમાર્થીઓમાં શું બદલાવ આવ્યો? તેમના દ્વારા કેવા પ્રકારના સમાજ ઉત્થાનનાં કાર્યો કરવામાં આવ્યા? વિવિધ પ્રોજેક્ટ્સમાં કામ કરતા કરતા કેવા પ્રકારના પ્રશ્નો અનુભવ્યા? વગેરેની ચર્ચા તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી જેમાં ઉપસ્થિત સૌએ ખુબ જ રસપૂર્વક ભાગ લીધો હતો. ઉપસ્થિત મહેમાનો દ્વારા પણ પ્રેમ, કરુણા, પ્રામાણિકતા, સત્યનું જીવનમાં મહત્વ સમજાયું અને જ્ઞાતિ વાદથી ઉપર ઉઠી વાસુધેય કુટુમ્બકમની ભાવના સાથે જીવવાની હાકલ કરી હતી. આમ તાલીમ લીધા પછી પણ તાલીમાર્થીઓ જીવનલક્ષી શીખતા રહે એ ભાગ રૂપે સમયાંતરે આ કાર્યક્રમનું આયોજન સર્વ વિધાલય દ્વારા કરવામાં આવે છે. કાર્યક્રમના અંતે ડો.ધર્મેન્દ્ર પટેલ દ્વારા ઉપસ્થિત મહેમાનો અને તાલીમાર્થીઓનો અભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સમગ્ર આયોજન સર્વ નેતૃત્વનાં કો-ઓર્ડીનેટર ડો.ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વ તાલીમાર્થી દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં સુરજ મુન્જાની, મિત કોયાણી, પ્રકાશ દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

## વાર્તાયન : પર્વ - ૧૦માં

# મોહન પરમાર અને કલ્પેશ પટેલનું વાર્તાપઠન





## ગુજરાતી ભાષાની વિશ્વપ્રસિદ્ધ વાર્તા ''પોસ્ટઓફિસ''નું પઠન પ્રા. ઊર્વિ અમીને કર્યું

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતી ભાષામાં નવા વાર્તાકારોને એક મંચ આપવા અને તેઓને સારી વાર્તા લખવા માટે પ્રેરિત કરવાના અને લોકોને વાર્તાકળામાં રસરૂચિ લેતા કરવાના આશયથી મધુરાય સંપાદિત ''મમતા'' વાર્તામાસિક અને ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી " વાર્તાયન ''પર્વ – ૧૦ ની બેઠક તા. ૨૧, ઓક્ટોબરને રવિવારે સાંજે સાડા પાંચ કલાકે શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ મુકામે મળી હતી. જેમાં આરંભે વાર્તાયનના સંયોજક અને સર્જકશ્રી શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદીએ બન્ને વાર્તાકારોનો પરિચય આપીને સૌ સર્જકો તથા ભાવકોને આવકાર્યા હતા. આરંભે ગુજરાતી ભાષાની ધૂમકેતુ લિખિત વિશ્વપ્રસિદ્ધ ટૂંકીવાર્તા ''પોસ્ટઓફિસ''નું વાંચન પ્રા. ઊર્વિ અમીને કર્યું હતું. ત્યારબાદ વાર્તાયનની આ બેઠકમાં શ્રી મોહન પરમારે પોતાની " પીઠ " વાર્તા અને શ્રી કલ્પેશ પટેલે પોતાની મૌલિક વાર્તા ''પડઘો'' વાંચી હતી. આ ત્રણેય વાર્તાઓની ઉપસ્થિત સૌ સર્જકો / ભાવકો દ્વારા ઊંડાણ પૂર્વકની ચર્ચા - સમીક્ષા કરવામાં આવી હતી.

પોસ્ટ ઓફિસમાં એક પિતાની પુત્રી પ્રત્યેની માર્મિક સંવેદના અને એની કલાત્મક ગૂંથણી અને ભાવવાહી પઠનથી ભાવકો પ્રસન્ન થયા હતા. મોહન પરમારની વાર્તામાં આજની યુવાપેઢીના માનસમાં પાંગરતો પ્રેમ, નિષ્ફળતા અને બદલો લેવાની વૃતિનું માર્મિક આલેખન તથા બે મિત્રોની મૈત્રીનું પ્રાગટ્ય અને પ્રણયત્રિકોણથી ઉદભવતી પીદાની કથા રજુ કરે છે. જ્યારે કલ્પેશ પટેલની ''પડઘો'' વાર્તા સાથેના સંદર્ભો ગૂંથીને વાર્તાને રસપ્રદ બનાવી હતી. આ ત્રણેય વાર્તાઓની સૌ એ સમીક્ષા કરી હતી. બધાની ચર્ચાને અંતે શ્રી સંજય પટેલે એ ત્રણેય વાર્તાઓની સમીક્ષા કરીને પોતાનો મત રજુ કર્યો હતો.

આ પર્વમાં બન્ને સર્જકોને ભાવકો તરફથી વાર્તા રચના અને શૈલી અંગે કેટલાક પ્રશ્નો કરવામાં આવ્યા હતા જેના બન્ને સર્જકોએ જવાબો આપીને સૌને વાર્તા સ્વરૂપની નવી વિભાવનાઓથી માહિતગાર કર્યા હતા

આ બેઠકમાં જાણીતા સર્જકો તથા અનેક ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. અંતે આભારવિધિ શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદીએ કરી હતી. દર મહિનાના ત્રીજા રવિવારે યોજાતા આ વાર્તાયન સૌને માટે ખુલ્લો હોવાથી સૌ કોઈ એમાં હાજર રહી શકે છે.

# શ્રી જલારામ સેવા સમાજ દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે રાસ-ગરબા

ગાંધીનગર, તા. ૨૨

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા તા. ૨૪ ઓક્ટોબર ને બુધવારના રોજ શરદપૂર્ણિમા નિમિત્તે રાસ-ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગરના પ્રમુખ સેવંતીલાલ જે ઠક્કરે જણાવ્યું છે કે શરદપૂર્ણિમાની રઢિયાળી રાતે પૂ. જલારામ બાપાના કૃપાંગણમાં શ્રદ્ધા, ભક્તિ અને પારસ્પરિક સ્નેહભર્યા વાતાવરણમાં રાત્રે ૮.૩૦ કલાકે આર કે ગૃપ મ્યુઝિકના સ્વીટુ બારોટ અને રાગેશ સોમેશ્વરાના સૂર-તાલના સથવારે આ રાસ-ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સનદી સેવા અધિકારી જે ટી અખાણી અને અતિથિ વિશેષ તરીકે મુખ્ય ઈજનેર પરાગભાઈ જે ભર્ગદેવ ઉપસ્થિત રહેશે. જલારામ સેવા સમાજના સૌ સભ્યોને આ કાર્યક્રમમાં સપરિવાર સહભાગી થવા તેમણે ઈજન પાઠવ્યું છે.

# ખેલકુંભમાં ૩૪ લાખથી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના સૌથી મોટા રમતોત્સવ ખેલ મહાકુંભ-૨૦૧૮માં રાજ્યભરમાંથી કુલ ૪૨,૦૯,૧૧૦ રમતવીરોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. તેમાંથી અત્યાર સુધીમાં ૩૪,૯૪,૩૫૫ એટલે કે ૮૩ ટકા રમતવીરોએ વિવિધ ૩૪ રમતોમાં ભાગ લીધો હતો. ખેલ મહાકુંભમાં અલગ અલગ ૭ વયજુથની ૩૪ રમતોની શાળા, ગ્રામ્ય, તાલુકા, ઝોન, જિલ્લા, મહાનગરપાલિકા અને રાજ્યકક્ષાની સ્પર્ધાઓ પૈકી હાલમાં જિલ્લા કક્ષા સુધીની સ્પર્ધાઓ પૂર્ણ થઈ છે તેમજ રાજ્યકક્ષાની સ્પર્ધાઓ ચાલી રહી છે. જિલ્લા અને રાજ્યકક્ષાના વિજેતા ખેલાડીઓને રૂ.૪૦ કરોડના રોકડ પુરસ્કાર અને તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર શાળાઓને પણ રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવનાર છે.

ગુજરાતના ખેલાડીઓએ ચાલુ વર્ષે વૈશ્વિક સ્તરની રમતોમાં ગોલ્ડ મેડલ સાથે એકથી વધુ સિદ્ધિઓ હાંસલ કરી છે. ગુજરાતના ૬ ખેલાડીઓ એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ. જેમાં કુ.સરિતા ગાયકવાડે એથ્લેટીક્સ સ્પર્ધામાં ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવી રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કર્યુ છે ઉપરાંત ટેનિસ સ્ટાર કુ.અંકિતા રૈના, ટેબલ ટેનિસ સ્ટાર શ્રી માનવ ઠક્કર અને શ્રી હરમિત દેસાઈએ પણ મેડલ મેળવી ઈન્ટરનેશનલ સિદ્ધિ મેળવી છે જે ગુજરાતનું ગૌરવ છે

કુ.પારૂલ પરમારે જકાર્તા, ઈન્ડોનેશીયા ખાતે યોજાયેલ પેરા એશિયન ગેમ્સ-૨૦૧૮માં બેડમિન્ટનમાં સિંગલ ઈવેન્ટમાં ઉજી-જીન-૩ કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. કુ.પારૂલ પરમાર સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ખાતે જિલ્લા કોચ તરીકે ફરજ બજાવે છે. મ્યાનમાર ખાતે યોજાયેલ એશિયન જુનિયર બેડમિન્ટન ચેમ્પિયનશીપ-૨૦૧૮માં ગુજરાતની કુ.તસ્નીમ મીરએ બેડમિન્ટનમાં ડબલ્સ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. જેને રાજ્ય સરકારની ખેલાડીઓને આર્થિક મદદ માટેની શક્તિદુત યોજના હેઠળ અત્યાર સુધીમાં રૂ.૧૫.૬૨ લાખની નિડબેઝ સહાય આપવામાં આવી છે.

# એસબીઆઈ વર્ષ ૨૦૨૦ સુધીમાં ૫૦ સેન્ટર્સમાં વેલ્થ હબ શરૂ કરશે

ગાંધીનગર, તા. ૨૨

ચોક્કસ માર્કેટ સેગમેન્ટને ટાર્ગેટ બનાવવાની રણનીતી સાથે દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)એ તા.૨૦ ઓક્ટોબરે મેંગલોરના લાલબાગ ખાતે વેલ્થ હબનું લોન્ચિંગ કર્યું હતું. આ હબનું ઉદઘાટન એસબીઆઈના ચેરમેન રજનીશ કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે એસબીઆઈ દ્વારા દેશના ૨૧ મોટા સેન્ટરોમાં આ સુવિધાની શરૂઆત કરવામાં આવી છે. એસબીઆઈ તેના વેલ્થ હબને અગામી વર્ષ ૨૦૨૦ સુધીમાં ૫૦ સેન્ટર્સમાં વિસ્તારવાની યોજના બનાવી છે. આમ બેંક દ્વારા ૨ લાખ ગ્રાહકો સુધી પહોંચવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

હબના લોન્ચિંગ બાદ મિડિયા સાથેની વાતચીતમાં ચેરમેન રજનીશ કુમારે જણાવ્યું હતું કે બેંકે તેના વેલ્થના બિઝનેસને એલબીઆઈ વેલ્થ તરીકે રીબ્રાન્ડ કર્યો છે. તેના દ્વારા બેંક પર્સનલાઈઝ બેંકિંગમાં સારામાં સારી સુવિધા આપશે. આ સિવાય તેમાં બેંક દ્વારા ગ્રાહકોને ઈન્વેસ્ટમેન્ટ સર્વિસ પણ આપવામાં આવશે. જોકે આ સર્વિસ હાઈ નેટ વર્થ ઈન્ડિવિઝયુઅલ (એચએનઆઈ)ને આપવામાં આવશે. આ માટે બેંક ખાસ રિલેશનશીપ મેનેજરની પણ નિમણૂંક કરશે. તેમણે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૦ સુધીમાં એસબીઆઈ ૫૦ જેટલા સેન્ટર્સમાં વેલ્થ હબ શરૂ કરશે ત્યારે તેની પાસે ૩૫-૪૦ ટકા એચએનઆઈ ગ્રાહકો હશે.

# શરૂ થઈ મુંબઈ-ગોવા સુધીની ક્રૂઝ સર્વિસ

ગાંધીનગર, તા. ૨૨

ગોવા હંમેશાથી ટૂરિસ્ટનું ફેવરિટ પ્લેસ રહ્યુ છે. મુંબઈથી ગોવા જવા માટે અત્યાર સુધી તમે બસ, ટ્રેન કે હવાઈ મુસાફરી કરી હશે પરંતુ હવે તમે લકઝૂરિયસ ક્રૂઝમાં બેસીને ગોવા જઈ શકો છો. ૨૦ ઓક્ટોબરથી મુંબઈથી ગોવા વચ્ચે પહેલી ક્રૂઝની શરૂઆત થઈ ચૂકી છે. ક્રૂઝ આંગ્રીયાના પહેલા જ દિવસે એક કપલે પોતાના જીવનની સૌથી મહત્વની ક્ષણ ક્રૂઝ પર સેલિબ્રેટ કરી.

ક્રૂઝ શિપ પર હાજર એક કપલે સમુદ્રની વચ્ચોવચ લગ્ન કર્યા. કપલે શિપમાં કેક કાપીને ઉજવણી કરી. કેપ્ટને કહ્યુ કે, ''અમને પણ લગ્નની ઉજવણીમાં શામેલ થવાનો હક છે, તેઓ બાદમાં કોર્ટમાં સાક્ષી રજૂ કરીશ કે મધદરિયે લગ્ન કર્યા છે. મને એ વાતની ખુશી છે કે ભારતના પહેલા ક્રૂઝમાં લગ્ન કરવાની તક મળી.''

માહિતી પ્રમાણે, મુંબઈના આ કપલે ૨૦ ઓક્ટોબરે મુંબઈની એક કોર્ટમાં જ લગ્ન કર્યા. આ દિવસે આંગ્રીયા ક્રૂઝ પણ મુંબઈથી ગોવા જવા રવાના થવાની હતી એટલે પ્રબીર અને સયાલી કોરેયાએ પોતાના લગ્નની ઉજવણી ક્રૂઝ પર કેક કાપીને કરવાનું નક્કી કર્યુ. આ કપલ માટે ક્રૂઝના કેપ્ટન તમામ તૈયારી કરી નાખી હતી. ૧૫ વર્ષોમાં ૬૦ ક્રૂઝ શિપ ઑપરેટ કરી ચૂકેલા કેપ્ટન ઈરવિન સિકેરિયાએ આ પ્રસંગે ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે, કપલ કોર્ટમાં કહી શકશે કે અમે શિપ પર લગ્ન કર્યા છે.

શિપ પર લગ્ન કરનારી સયાલીએ કહ્યુ કે, ''હું ગર્વ અનુભવી રહી છું કે મેં ક્રૂઝ પર લગ્ન કર્યા, મારા માટે સ્વપ્ન સમાન હતુ. હું જીવનમાં પ્રથમ વખત ક્રૂઝમાં સવારી કરી રહી છું.'' જણાવી દઈ એ કે લક્ઝ્યૂરિસ ક્રૂઝ દ્વારા સમુદ્ર માર્ગે મુંબઈથી ગોવા જવાનું સપનું સાકાર થશે. આ દેશની પ્રથમ ક્રૂઝ શિપ છે. આ ક્રૂઝનું નામ આંગ્રીયા છે. જે મરાઠા નેવી એડમિરલ કનહોજી એન્ગ્રેના નામ પર રાખવામાં આવ્યું છે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૧૧મો મણકો ॥

એટલે ઘરવાળાઓએ એમ કહ્યું કે કાં તમે કાં અમે. એનો અર્થ એમ કે, કાં તમે હવે આ ઘર છોડીને જાઓ. ડૉક્ટરોએય કહ્યું કે હવે તમારા ગણેલા દિવસો. કેટલા દિવસો જીવશો તે નક્કી નહીં. એટલે હું તો આપના આશ્રમમાં મરવા આવ્યો છું. એટલે ગાંધીએ એમાં વાણિયાગીરી કરી, એણે એમ કહ્યું કે તમે બે ઈચ્છાઓ લઈને આવ્યા છો. પેલા તો એક જ ઈચ્છા લઈને આવ્યા તા કે મારે મરવું છે. કે તમે બે ઈચ્છાઓ લઈને આવ્યા છો. એક ઈચ્છા મારા આશ્રમમાં આવવું છે અને બીજું મરવું છે. પહેલી ઈચ્છા મંજૂર, બીજી ઈચ્છા નામંજૂર. આશ્રમમાં રહો, પણ મરવા નહીં દઉં. એટલે વાંસનું ઝૂંપડું પોતાના ઝૂંપડાની પડખે બંધાવડાવ્યું, ત્યાં એમને રાખ્યા અને એ વખતે જે અસાધ્ય રોગ કહેવાતોતો એ અસાધ્ય કુષ્ટરોગીને રોજ ૪૫ મિનીટ પોતાને હાથે માલીશ કરતા હતા. આ ૩ દિવસ માલીશ કરવાના તો મને મળશે. એટલા માટે શિમલાથી ૧૨૦ અંશ ગરમીમાં પાછા આવવા માંગતા હતા. એટલે હું જે લાક્ષણિકતા કહેતો અટક્યો હતો તે લાક્ષણિકતા એ હતી કે ગાંધી દરેક કામને ઈશ્વરદત્ત સમજતા હતા.



યુદ્ધ વિશેની ચર્ચા કરવી તે જેમ ઈશ્વરદત્ત કામ હતું એટલું જ ઈશ્વરદત્ત કામ કુષ્ટરોગીની સેવા કરવી તે પણ હતું. દરેક કામને તેઓ ઈશ્વરદત્ત સમજતા, તેથી એને કોઈ કામ નાનું નહોતું લાગતું.

એક ત્રીજી લાક્ષણિકતા જે હતી, તે એ કે નિત્ય વિકાસશીલ એવું એનું વ્યક્તિત્ત્વ હતું. એટલે એણે કોઈ દાડો એવો દાવો નથી કર્યો કે જે કન્સીસ્ટન્સી મારો ગુણ છે એવો દાવો એણે કોઈ દિવસ કર્યો નથી. આજે એક કહીશ ને કાલે બીજું. મને જો આજે એમ લાગે કે કાલે મેં કહેલી વાત ખોટી હતી તો તે હું કહીશ. ને કાલે મેં આ કહ્યું તું જે વાત ખોટી છે ને આજે આ વાત સાચી છે એ સમજાય છે એટલે કહું છું એમ પણ કહીશ. પણ હું કહીશ. અને હું બદલાવા માટે તૈયાર છું. પણ નિત્યવિકાસશીલ.

એટલે અંધારામાં રાત્રે ઘરમાંથી બહાર નીકળતાં જેને બીક લાગતી ક્યાંક કોઈક ભૂત આવશે તો ? ક્યાંક ચોર આવશે તો ? ક્યાંક સાપ-બિચ્છુ હોય તો ? બીક લાગે. અને પછી પેલી રંભા દાઈ કે કે ના, રામ રામ બોલ તો બીક નહીં લાગે. પાછા લખે છે આત્મકથામાં કે તે વખતે રામનામ કરતાં રંભાદાઈ પર વધારે શ્રદ્ધા હતી. અને એ રંભાદાઈ કહે છે કે રામ રામ બોલ તો બીક નહીં લાગે તો હું રામ રામ બોલીશ, મને બીક નહીં લાગે. અને એ તો રામ રામ બોલતાં બોલતાં ગયા ને પાછા આવ્યા, કોઈ ભૂત ના દેખાયું. વાત તો સાચી. અને પછી પાછું લખે છે : એ શ્રદ્ધા ક્યારે રંભાદાઈ પરથી બદલાઈને રામનામ પર આવી ગઈ એ મને ખબર નથી. પણ હવે મને રામનામ પર જ શ્રદ્ધા છે. છેવટ સુધી એ શ્રદ્ધા તો એની જે ટકી કે રાત્રે બહાર નીકળતાં બીક રાખનારો માણસ જેના રાજ્ય પરનો સૂરજ આથમતો જ નહોતો, એવડા મોટા બ્રિટીશ સામ્રાજ્યનો સામનો એકલો કરી શક્યો એવી નિર્ભયતા સુધી પહોંચ્યો આવી એની નિત્ય વિકાસશીલતા. ત્યાંથી ત્યાં સુધી એ પહોંચી શક્યો.

૧૫૦ ગાંધીયાત્રા

સાબરમતી આશ્રમમાં હું ગાંધીજીની સાથે રહ્યો છું. ત્યાં ગાંધીજીની નિશ્રામાં આશ્રમમાં જ લગ્ન યોજાય છે ત્યારે ગાંધી હાજર હતા ને એમ કહે છે કે એક જાતિમાં લગ્ન થવાં જોઈએ. એ જ સાબરમતી આશ્રમમાં નારાયણ દેસાઈનાં લગ્ન કરવાની ઉંમર થઈ ત્યારે ગાંધીજી બદલાઈ ગયા'તા. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ